# ભૂ-માફિયા સામે જંગે ચઢેલા ખેડૂતને તંત્ર ધ્વારા ઠેંગો

## ઉમરેઠના બે તલાટીઓ સામે ક્રીમીનલ ફરીયાદની ટી.ડી.ઓ પાસે પરમીશન માગવાના રીપોર્ટને દોઢ માસનો સમય લાગે ? : સર્કલ ઓફિસર મારી પાસે ટાઈમ નથી તેવુ નીવેદન કરતા આ મામલામાં ભૂ-માફિયાને મદદગારીની બૂ આવી રહયાની નગરમાં ચર્ચા

ઉમરેઠ, તા ૧૭

ઉમરેઠ તાલુકાના એક ગામની સીમમાં આવેલ એક જમીનમાં ખેડૂતના કાચાપાકા મકાનની હયાતી હોવા છતાં ત્યાં અન્ય મકાનની નોંધણી અરજી તેમજ તલાટીએ જે મકાનનું અસ્તિત્વ ન હોવાછતાં આકારણી કરી ભૂ-માફિયા પાસે વેરો ભરાવવાના કથતિ બનાવને લઈ તલાટી તથા ભૂ-માફિયાના સંબંધ અંગે ઉમરેઠ તાલુકામાં ભારે ચર્ચાઓ થવા લાગી છે. તેમજ અમીરો સામે કાયદા ઘુટણિયે પડતા હોવાની લાગણી જન્મી છે કેમકે ઉપરોકત બનાવ એગે એડૂતે આ મામલામાં સંડોવાએલા બે તલાટી વિરૂધ્ધ ક્રિ. ફરીઆદ કરવા ઉમરેઠ ટી.ડી.ઓ પાસે માગણી કર્યાના દોઢ માસ જેટલો સમય વિતવા છતાં તે અંગે રીપોર્ટ આપવામાં આવતો નથી. તેમજ તપાસ કરતા સર્કલ ઓફિસર મારી પાસે સમય નથી તેવો ઉડાઉ જવાબ આપતા આખરે ખેડૂતે આમરણાંત ઉપવાસ ઉપર બેસી ગાંધી ચીંધ્યા રાહે ન્યાય મેળવવાની તજવીજ શરૂ કરવાના પ્રયાસથી ચકચાર મચી જવા પામી છે. આ દરમ્યાન આ કેસના વકીલ પાસે જઈ સંડોવાએલા મનાતા તલાટીઓએ પોતાનું નામ કાઢી નાખવા બાબતે નાણાંની ઓફર કર્યાની કહેવાતી બિનાની ઘટના ચર્ચાના એરણે ચઢી હતી.

આ અંગે નગરમાં થઈ રહેલ ચર્ચા મુજબ ઉમરેઠ તાલુકાના દાગજીપુરા ગામની સર્વે નં.૧૦ (૫૪) વાળી જમીનમાં ઈંટો માટી વાળુ કાચુ મકાન હોવા છતાં ત્યાં મકાન નથી તેની નોંધણી આપી તેના આગલા દિવસે આકારણી કરી વેરો ભરી દેતા ચોંકી ઉઠેલા જમીન માલીક એવા ખેડૂતે ગામ દાગજીપુરા ગામના હાલના તલાટી તેમજ વર્ષ ૨૦૦૨ના તલાટી સામે ક્રિ.ફ દાખલ કરવા કે જેમાં તેઓએ કબજા સંબંધી પુરાવાનો નાશ કરવા તથા ગેરકાયદેસર કબજો સ્થાપિત કરવા ભૂ-માફિયાને સદર કાવતરામાં મદદગારી કરવા અંગે ઉમરેઠના ટી.ડી.ઓ સમક્ષ મંજૂરી માગપી અરજી કર્યાના દોઢ માસ જેટલો સમય વિતવા છતાં તંત્ર ધ્વારા જગતના તાત એવા ખેડૂતને સરકારી કચેરીઓના ચકકર કપાવતા આખરે આ મામલે ગાંધી ચીંધ્યા રાહે ભૂખ હડતાલ ઉપર ઉતરવાના ખેડૂતના નિર્ણયના અહેવાલ પ્રાપ્ત થયા છે.

# મોડાસાના રખીયાલ ગામની મેશ્વો નદી છેલ્લા ૧૦ વર્ષથી પુલ વિહોણો

મોડાસા, તા. ૧૭

અરવલ્લી જિલ્લાના મોડાસા તાલુકાના રખીયાલ ગામમાંથી પસાર આસપાસ આવેલા ૧૦ ગામોનો સંપર્ક તુટી જાય છે. તેમજ ભૂમિપુત્રોને પોતાના જીવના જોખમે બળદગાડા દ્વારા ડીપ બનાવવામાં આવ્યો હતો. પરંતુ આ ડીપ દર ચોમાસામાં નદીમાં આવતા પાણીના કારણે ધોવાઈ જતો આજુબાજુના ગામલોકો સરકારી તંત્ર સામે આશા રાખી રહ્યા છે. પ્રજાજનોએ છેલ્લા ૪ ટર્મ સુધી તંબુ તણાયા હતા અને ટેસ્ટીંગ થયું હતું. ત્યારબાદ આજ સુધી પુલનું કામ ચાલુ થયું નથી. એ આઘાતજનક



(તસવીર : સમીર બલોચ, જય અમીન મોડાસા)

થતી મેશ્વો નદિ પસાર થતી હોવાથી દર વર્ષે ચોમાસાના સત્રમાં રખિયાલ ગામના લોકોનો સંપર્ક વિહોણા હોય તેવી આપત્તીજનક સ્થિતિ પેદા થાય છે. છેલ્લા ૧૦ વર્ષથી આ નદી પર આવેલા પુલનું ધોવાણ થયા પછી આજ સુધી એજ હાલતમાં જોવા મળે છે. જેથી રખીયાલ ગામના લોકોનો લઈ સામે કિનારે આવેલી જમીન ખેડવા જવુ પડે છે. ત્યારે સરકારી તંત્ર પોતાની ભરનિંદ્રામાંથી બહાર આવી તાત્કાલિક પુલ બનાવે તે ખુબ જ જરૂરી છે. મોડાસા તાલુકાના રખીયાલ ગામની સીમમાંથી પસાર થતી મેશ્વો નદી પર વર્ષો પહેલા મેશ્વો તથા માજૂમ સિંચાઈ યોજના વિભાગ હતો. જેનું તંત્ર દ્વારા થીગડા મારી સમારકામ કરી કામચલાઉ કામ ચાલતુ હતુ.

દસ વર્ષે ધોવાઈ જતા ડીપના સ્થાને ૧૦ ફૂટથી વધુ ઉંચાઈ ધરાવતો પુલ બને તો કાયમી ધોવાણ થઈ જતી ડિપના સ્થાને હવે પુલનું જ નિર્માણ થાય તેવું ગ્રામજનો તેમજ ચુંટાયેલા ધારાસભ્ય દિલિપસીંહ પરમારના સમયમાં ગ્રાન્ટ ફાળવણી થઈ હતી. પણ સરકારી બાબુઓને ગ્રાન્ટ ઓછી પડતાં પાસ થયેલી ગ્રાન્ટની ફાઈલ કયા ડીપાર્ટમેન્ટમાં અટકી ગઈ છે. તે હજુ સુધી ગ્રામજનોને પત્તો લાગતો નથી. ચોમાસા પહેલા સરકારી હિલચાલ રૂપે બાબત છે. જ્યારે આજુબાજુના મેઢાસણ, ગોખરવા, દેવીપુરા, સરડોઈ, દાવલી, વાંઢડા જેવા દસથી પણ વધુ ગામો સાથે રખીયાલ ગામનો સંપર્ક તુટી ગયો છે અને રસ્તો બંધ થતાં આ બધા ગામવાળા લોકોને પંદરથી વિસ કિલોમીટર અંતર વધુ કાપવુ પડે છે.

# ખેડબ્રહ્મા ડેપોને અંબાજી મેળામાં ૧૮.૧૫ લાખની આવક થઈ

ખેડબ્રહ્મા, તા.૧૭

ભાદરવી પૂનમ નિમિત્તે સુપ્રસિધ્ધ શકિત યાત્રાધામ અંબાજી ખાતે ભરાયેલ મહામેળા દરમિયાન ખેડબ્રહ્મા એસ.ટી.ડેપો દ્વારા એસ.ટી. બસોના સંચાલન થકી ૭૮૦ ટ્રીપો દોડાવીને રૂપિયા ૧૮,૧૬,૦૧૬ની આવક મેળવવામાં આવી હતી. ડેપો કડંકટર ડી.એન. રાજપૂત અને ડ્રાયવર અમરસિંહ દેવડાએ સૌથી વધુ ૧.૩૭ લાખની આવક મેળવી હતી.ડેપો મેનેજરશ્રી એચ.જે. પટેલ, ટી.આઈ. શ્રી આર.એન. કુરેશી, એ.ટી.આઈ. શ્રી એમ.જી. પટેલ તથા જે.એન. વાઘેલા, કે.પી.ચૌહાણ, બી.એમ. દેસાઈ, જે.આર. સોલંકી, જી.બી. જેતાવત, એલ.એમ. ભગોરા, એચ.ડી. સુથાર અને ચ.ડી. વણકર, એસ.કે. બોડાત, પી.એસ. ભગોરા, આર.જે. ગોહીલ સહિત સમગ્ર સ્ટાફ મિત્રોએ મેળામાં યાત્રિકોને સારી બસ સગવડ મળી રહે તે માટે સુંદર આયોજન કર્યુ હતું. આ સમગ્ર મેળા દરમિયાન ૩૫,૩૯૭ મુસાફરોએ ખેડબ્રહ્મા એસ.ટી. ડેપોની બસોનો લાભ લીધેલ છે.



(તસવીર : સમીર બલોચ, મોડાસા)

બાયડ શહેર માં આવેલ જુના સ્ટશેન વિસ્તાર માં આજે વહેલી સવારે એક ૩૦ વર્ષીય યુવાનની લાશ ગળે ફાસો ખાધેલી હાલત માં મળી આવતા સમગ્ર દિવસ દરમ્યાન આ ઘટના બાયડ તાલુકા માં ટોક ઓફ ધી ટાઉન બનવા પામી હતી. બાયડ શહરે માં આવેલ ખોડીયાર નગર વીસ્તાર માં રહેતા મનોજભાઈ જેસીંગભાઈ ગઈ કાલે રાત્રે બાયડ જુના સ્ટેશન વિસ્તાર માં આવેલી યમુના હોટલ ના બાજુમાં આવેલ ધાબા ઉપર કોઈ અગમ્ય કારણસર ગળે ફાસો ખઈ આત્મહત્યા કરી લીધી હતી ઝયારે આ બાબત ની વાયુવેગે વાત બાયડ શહરે માં પ્રસરતા વહેલી સવારે લોકો ના ટોળેટોળા ઉમટી પડયા હતા જયારે આ અંગે ની જાણ બાયડ સી.પીઆઈ બેન્કર ને થતાં તેમણે ઘટના સ્થળે પહોચી લાશ ને ઉતારી પી.એમ માટે મોકલી આપી હતી અને અકસ્માતે મોત નો ગુનો નોધી આગળ ની કાર્યવાહી હાથ ધરી હતી.

# વડાગામમાં ઠેર-ઠેર માર્ગો બિસ્માર સ્થાનિક રહિશો પરેશાન

વડાગામ, તા. ૧૭

વડાગામ આગળથી પસાર થતા ધનસુરા-અમદાવાદ સ્ટેટ હાઈ-વે વરસાદને કારણે બિસ્માર બની ગયો છે. માર્ગ પર ઠેર-ઠેર મોટા મોટા

ધનસુરા વાયા વડાગામ અમદાવાદ સ્ટેટ હાઈ-વે પસાર થાય છે. માર્ગ પર વડાગામ આગળ વરસાદને કારણે પાણી ભરાતા માર્ગ સાવ ધોવાઈ ગયા છે. અને ભારે વરસાદી પાણી ભરાતા ગંદકી અને તેના લીધે પાણીજન્ય રોગોનો ઉપદ્રવ વધી રહ્યો છે. બિસ્માર માર્ગ પર છેલ્લા ત્રણ-ચાર દિવસમાં મોટા ખાડાના કારણે દ્વિચક્રી વાહનોના



(તસવીર : બાબુભાઈ પટેલ)

ખાડા પડતા વાહનચાલકો અને રાહદારીઓ ભારે પરેશાન થઈ ગયા છે. અને સ્થાનિક તંત્ર આ બિસ્માર માર્ગને યોગ્ય બનાવે તેવી માંગ કરી રહ્યા છે. વાહન પસાર થતા ઠેર-ઠેર મોટા ખાડા પડી જતા નાના વાહનચાલકો અને રાહદારીઓએ માર્ગ પરથી પસાર થવું મુશ્કેલ બન્યું છે. બીજી બાજુ માર્ગની આસપાસના ખુલ્લા વિસ્તારમાં અકસ્માત થયા હતા. જો કે કોઈ મોટી જાનહાની થવા પામી નથી.

આ બિસ્માર માર્ગને સ્થાનિક તંત્ર દ્વારા સત્વરે યોગ્ય કરવામાં આવે તેવી ગ્રામજનો માંગ કરી રહ્યા છે.

# પાલનપુરમાં જગાણા ગામના ડેપ્યુટી સરપંચ પર હુમલો

પાલનપુર, તા.૧૭

પાલનપુર શહેરના જહાંનારા બાગ પાસે જગાણાના ડે. સરપંચ પર શખ્સે હિંચકારો હુમલો કર્યો હતો. મહિલા ડે. સરપંચને ગંભીર ઈજાઓ થતા તુરંત સારવાર અર્થે ખસેડવામાં આવી હતી.

પાલનપુર શહેરમાં જહાંનારા બાગ પાસે જગાણાના મહિલા ડે. સરપંચ અને કોંગ્રેસ અગ્રણી લક્ષ્મીબેન સાથે બાદલ દેસાઈ નામના શખ્સે બોલાચાલી બાદ બિભત્સ શબ્દો બોલી મારામારી કરી હતી અને બાદલ દેસાઈ તેમજ નિરવ સોલંકી સહિતના અન્ય હુમલાખોરો નાસી છૂટયા હતા. હુમલાખોરોએ હરેશ કરેણ (ચૌધરી)ને પણ ઈજાઓ પહોંચાડી હતી. આ સંદર્ભે પૂર્વ શહેર પોલીસ મથક ખાતે લાલજીભાઈ કેશરભાઈ જુવાએ ફરિયાદ આપતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# જમનાપાદરા ગામે ગૌરક્ષકોએ કતલખાને લઈ જવાતું પીક અપ ડાલુ ઝડપી પાડયું

શિહોરી, તા.૧૭

કાંકરેજના જમના પાદરા ગામે ગૌરક્ષકોએ બાતમીના આધારે કતલખાને લઈ જવાતા પશુ ભરેલ જીપ ડાલુ ઝડપી પાડયું હતું અ આરોપી સામે શિહોરી પોલીસમાં ફરિયાદ નોંધાવી હતી.

કાંકરેજ તાલુકાના જમના પાદરા ગામેથી સફેદ રંગનું પીક અપ ડાલું પશુ ભરી ડિસાના ગવાડી વિસ્તારમાં કતલખાને લઈ જઈ રહ્યા હોવાની બાતમી કેટલા ગૌરક્ષકો ને મળી હતી. જેના આધારે ગૌરક્ષકો એ જમના પાદરા ગામે વોચ ગોઠવી પશુ ભરેલ પીક અપ ડાલુ નં. જીજે-૨૪-યુ-૨૯૫૦ની તપાસ કરી હતી જેમાં ગેરકાયદેસર રીતે બે ભેંસ મળી હતી જયારે ડાલાનો ચાલક ઘટના સ્થળેથી જ રફુચકકર થઈ ગયો હતો. આ સંદર્ભે ગૌરક્ષકોએ પોલિસ ફરયાદ કરતા પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



# બ્રહ્મપુરી સરકારી શાળામાં ખાનગી બોર્ડે ચર્ચા જગાવી

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાની બ્રહ્મપુરી ગામમાં આવેલી પ્રાથમિક શાળામાં તાલુકા શિક્ષણાધિકારીની કોઈપણ પૂર્વ મંજૂરી વગર શાળાના મુખ્ય શિક્ષકોએ ખાનગી કંપનીને લાભ કરાવવા હેતુથી સરકારી ઈમારતો પર કંપનીના બોર્ડ લગાવી દેવાતા જનતા આવાક બની ગઈ છે. જેના લીધે જનતાએ તાત્કાલિક ધોરણે આ બોર્ડ હટાવી લેવામાં આવે તેવી ઉગ્ર માંગ કરી છે. ભિલોડા તાલુકાની બ્રહ્મપુરી તથા શામળપુર પ્રાથમિક શાળાના મુખ્ય શિક્ષકોએ ખાનગી કંપનીને મદદ કરવાના હેતુથી ટાટા સ્ટીલની જાહેરાત કરતા બોર્ડ લગાવી દીધા છે. આ બોર્ડ લગાવવા માટે આ મુખ્ય શિક્ષકોએ શિક્ષણતંત્રની મંજૂરી લીધી છે ? કે પછી કંપનીના અધિકારીઓ જોડે બારોબાર વહીવટ કરી રૂપિયા લેવામાં આવ્યા છે ? તે ચર્ચાનો વિષય બની રહ્યો છે. ગુજરાતીમાં કહેવત છે કે એક શિક્ષકમાં સમાજ બદલવાની તાકાત રહેલી છે. પરંતુ શિક્ષક પોતાના કર્તવ્ય ભુલી જઈ અંગત લાભ ખાટવા માટે શિક્ષણ જગતનો હિત જોખમમાં મુકે તો કેવી હાલત થાય ? તેનો આ ગામોની પ્રાથમિક શાળામાં ઉત્કર્ષ નમૂનો જોવા મળ્યો હતો. આમ કોઈપણ જાતના ભાડા વગર કે પછી ? સરકારી ઈમારતોમાંથી કોઈ અંગત લાભ મળતો હોય તેવું લાગી રહ્યું છે. બાળકોના શિક્ષણના પાઠ ભણાવવાના બદલે મુખ્ય શિક્ષકો ધંધાદારીતો બની નથી ગયા ને ? આ બાબતે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીએ તાત્કાલીક શાળાની મુલાકાત લઈ બોર્ડ હટાવી લેવામાં આવે તેવી લોક માંગણી છે અને સરકારી ઈમારતોને નુકશાન કરતાં આવા કર્મચારીઓને સજા કરવામાં આવે તેવું લોકો ઈચ્છી રહ્યા છે. (તસવીર : ધ્રુવ પ્રણામી, શામળાજી)



# પાલનપુરમાં ૨૨મીએ ડાક અદાલત યોજાશે

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા પોસ્ટલ ડિવીઝનની ટપાલ સેવા, ટપાલ વિતરણ, કાઉન્ટર સેવા, બચત બેંકના પ્રશ્નોનો નિકાલ કરવા તા. ૨૨-૯-૨૦૧૪ ના રોજ ૧૧.૦૦ કલાકે અધિક્ષક ડાકઘર, બનાસકાંઠા, પાલનપુરની કચેરીમાં ડાક અદાલતનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે ફરિયાદ/ આવેદનપત્ર ડેપ્યુટી મેનેજર, કસ્ટમર કેર સેન્ટર, ધી સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ પોસ્ટ ઓફિસીસ, બનાસકાંઠા ડીવીઝન, પાલનપુરને મળી જાય તે રીતે મોકલી આપવા ત્યારબાદ આવેલ ફરિયાદ/ આવેદનપત્ર ધ્યાનમાં લેવાશે નહી.

# પ્રાંતિજમાં બેઝબોલ સ્પર્ધા યોજાશે

પ્રાંતિજ, તા.૧૭

પ્રાંતિજની પી.એન્ડ આર. શાળામાં રાજય સરકાર આયોજિત ત્રણ દિવસ દરમિયાન બેઝબોલ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં રાજયની જુદી જુદી ટીમના ખેલાડીઓ ભાગ લેશે. પ્રાંતિજની પી.એન્ડ આર શાળામાં આગામી ૨૦, ૨૧ અને ૨૨ સપ્ટેમ્બર ૨૦૧૪ એમ ૩ દિવસ આ સ્પર્ધા યોજાશે. રાજયભરમાંથી અન્ડર-૧૭ના વિદ્યાર્થીઓ ભાગ લેશે તેમ શાળાના આચાર્ય મીઠાભાઈ પટેલે જણાવ્યું હતું.

# સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારો

ગાંધીનગર, તા.૧૭

સાબરકાંઠા જિલ્લા નિવૃત્ત કર્મચારી મંડળના હોદ્દેદારોમાં પ્રમુખ શ્રી ધનજીભાઈ પટેલ-તલોદ, ઉપપ્રમુખ શ્રી મીઠાલાલ શાહ-પ્રાંતિજ, શ્રી ગોવિંદભાઈ પરમાર-વડાલી, શ્રી સુરજીભાઈ નિનામા-વિજયનગર, મહામંત્રી ભીખાલાલ પટેલ-હિંમતનગર, સહમંત્રી શ્રી રમણલાલ નાયી-હિંમતનગર, ખજાનચી શ્રી બાબુલાલ પટેલ-ખેરોલ, ઓડીટર શ્રી ગંગારામ મિસ્રી-ખેડબ્રહ્માની વરણી થયેલ છે.

# અરણીવાડા ખાતે ઢોર ચરાવવા મામલે અથડામણ

અરણીવાડા ખાતે નદીમાં ઢોર ચરાવવા બાબતે કેટલાક શખ્સો બે વ્યક્તિને ઢોર માર મારી ગંભીર ઈજાઓ પહોંચાડી હતી.

કાંકરેજના અરણીવાડા પાસેથી બનાસનદી પસાર થાય છે. જ્યાં નદીના પટમાં બે જૂથ વચ્ચે પશુ ચરાવવા બાબતે બોલાચાલી થઈ હતી. બાદમાં મામલો બિચકતા બે જૂથ વચ્ચે છુટાહાથની મારા મારી થવા પામી હતી. જેમાં બાદરસંગ વદનજી દરબાર સુરતુભા દરબારને ગંભીર ઈજાઓ થતા ૧૦૮ મારફતે સારવાર માટે શિહોરી બાદમાં પાટણ ખસેડવામાં આવ્યા હતા.


આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટ્ઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ

AGL TILES WORLD

Radhe ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, કુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર

મોર્ડન મોટર્સ

ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY

સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર

ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE

ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એકસાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.

પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦